ગાંધીનગર સમાચાર

# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસનો વાર્ષિક રમોત્સવ ઉજવાયો








ગાંધીનગર, તા. ૧૯

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ સમગ્ર ગાંધીનગર જીલ્લામાં ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરતી અને સતત ગતિશીલ સંસ્થા તરીકે પ્રખ્યાત છે. વર્ષ દરમ્યાન અનેક શૈક્ષણિક,બિન-શૈક્ષણિક અને વિવિધ પ્રકાર ની અનેક પ્રવુતીઓ દ્વારા વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો સંચાર સતત થતો રહે છે. અભ્યાસની સાથે સાથે બાપુ ગુજરાત નોલેજ વિલેજ વિદ્યાર્થીઓની તનની તંદુરસ્તીનો પણ ખ્યાલ રાખે છે. આ સંદર્ભે તા. ૧૭ અને તા ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કેમ્પસની વિવિધ કોલેજો જેવી કે શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલજી , ફામર્સી, ર્નસિંગ, લો અને સાયન્સ એન્ડ કોમર્સ નો વાર્ષિક મહોત્સવ ઉજવાયો હતો.

તા. ૧૩ ફેબ્રુઆરી,૨૦૨૦ થી શરુ થયેલા આ રમોત્સવમાં આંતર-કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ આંતર-કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી ફાઈનલ તા.૧૭/૦૨/૨૦૨૦ના રોજ રમાઈ હતી જયારે ફાઈનલ તા. ૧૮/૦૨/૨૦૨૦ના રોજ યોજાઈ હતી. જેમાં સિવિલ ડીપાર્ટમેંટ ની ટીમે ફાઈનલમાં જીતી ચેમ્પિયન બની હતી. આ ઉપરાંત વોલીબોલ, કબડ્ડી, બાસ્કેટબોલ, ફૂટબોલ વગેરે જેવી રમતો આંતર કોલેજ લેવલે યોજાઈ હતી. તા. ૧૭/૦૨/૨૦૨૦ ના રોજ એથલેટીક્સ સ્પર્ધાઓ જેવી કે ૧૦૦મી. દોડ, ગોળાફેંક, ચક્રફેક વગેરે જેવી રમતો યોજાઈ હતી. આ ઉપરાંત ઇન્ડોર ગેમ્સ જેવી કે ટેબલ-ટેનીસ , ચેસ , કેરમ, વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી. આ ઉપરાંત, કેમ્પસ મા ૨૦૧૮ થી કાર્યરત યુવા-બ્રિગેડ દ્વારા રેપલીંગ, જિપ-લાઈનિંગ, રાઈફલ શુટિંગ,મંકી ક્રાઉલીંગ વગેરે જેવી સાહસિક રમતો રમાઇ હતી. આ સમગ્ર રમતો દરમિયાન સમગ્ર કોલેજના રમતવીરોએ પુરા ઉત્સાહ અને ઉમંગ સાથે સમગ્ર રમતોને માણી હતી.

રમતોત્સવના અંત ભાગમાં સમગ્ર કોલેજના પ્રાધ્યાપકો અને બિન શૈક્ષણિક સ્ટાફ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. આ સમગ્ર રમતોત્સવનું આયોજન સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર તથા સમગ્ર કોલેજના આચાર્યશ્રીઓના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જયારે આ રમતોત્સવનું સંચાલન સ્પોર્ટ્સ ઈન્ચાર્જ પ્રો. વિજયકુમાર ચૌધરી અને ટેકનોલોજીના પ્રો. નીલેશ પટેલ અને પ્રો. વિશાલ પટેલે કર્યું હતું. મતોત્સવનું સફળતાપૂર્વક આયોજન અને સંચાલન માટે સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ભરતસિંહ વાઘેલા અને નીલરાજસિંહ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જિંદગી જોરદાર ચાલતી હતી...
જયારથી એક બિલાડીએ રસ્તો કાપ્યો...
ત્યારથી જ પથારી ફરી ગઈ...

## જન્મદિને વધામણી



વિજયભાઈ સુખડીયા
મો. ૯૧૭૩૪ ૪૫૯૫૪



કે આઈ પટેલ
એડવોકેટ
વાઈસ ચેરમેન, વીરમાયા સ્મારક સમિતિ, ગુજરાત
મો. ૯૪૨૭૦ ૦૬૩૭૫



કમલનયન બ્રહ્મભટ્ટ
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૫૧૦૮૫



અરના મનસુરી
મો. ૮૭૮૦૨ ૬૬૬૨૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સરસ્વતી ઈન્સ્ટિટયુટ ખાતે પ્રિ-પ્લેસમેન્ટ વર્કશોપ યોજાયો






ગાંધીનગર, તા. ૧૯

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ગાંધીનગર ખાતે બી.ફાર્મ સેમેસ્ટર-૮ તથા એમ.ફાર્મ સેમેસ્ટર-૨ ના તમામ વિધ્યાર્થીઓ માટે પ્રિ-પ્લેસમેન્ટ વર્કશોપનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ભુતપૂર્વ વિધ્યાર્થી ખુશાલ પટેલ (લીડરશિપ કન્સલટન્ટ અને ટ્રેઈનર, ઓમરોમ ફાઉંડેશન) દ્વારા વિધ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ કેવી રીતે પાસ કરવું અને તેમાં સુ ધ્યાન રાખવું તેની ઝીણવટ ભરી સમજણ આપી હતી. તેમણે વોક-ઈન-ઈન્ટરવ્યૂના વિવિધ પાસા જેમકે બોડી લેંગ્વેજ, પર્સનાલિટી, રિસ્યૂમ, કોમ્યુનિકેશન અને બિહેવિયર વિષે સમજાવ્યું હતું.

આ વર્કશોપથી ઈન્ટરવ્યૂ નો હાઉ વિધ્યાર્થીઓ માંથી દૂર થયો હતો તથા આત્મવિશ્વાશ વધ્યો હતો.

# બીસીએ કૉલેજ ખાતે સોફ્ટવેર ટેસ્ટીંગ સર્ટિફિકેશન કોર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર, તા. ૧૯


કડી સર્વ વિશ્વવિદ્યાલય





સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ–બીસીએ ખાતે સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સોફ્ટવેર ટેસ્ટીંગ સર્ટિફિકેશન કોર્સ-૪ (STCC-IV) ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ટ્રેનીંગ પ્રોગ્રામનો અભ્યાસક્રમ ઈન્ડસ્ટ્રીની માંગને અનુરૂપ કુલ ૨૫ કલાકનો તૈયાર કરવામાં આવેલ હતો. સામાન્ય રીતે યુનિવર્સીટીમાં અભ્યાસક્રમો દર વર્ષે અપડેટ કરવા શક્ય નથી આવા સંજોગોમાં કમ્પ્યુટર ક્ષેત્રે થતા ઝડપી ફેરફારને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા આવા કોર્ષનું આયોજન અત્યંત આવશ્યક છે. આં ટ્રેનિગ પ્રોગ્રામમાં રિસોર્સ પર્સન તરીકે ઈન્ડસ્ટ્રીમાંથી શ્રી વિવેક પટેલ (SOA, Tatvasoft, Ahmedabad), શ્રી વિષ્ણુ સાધુએ તેમની સેવાઓ આપેલ હતી. રિસોર્સ પર્સનનાં ઈન્ડસ્ટ્રીઝનાં સોફ્ટવેર ટેસ્ટીંગનાં અનુભવને કારણે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝની કાર્યશૈલી અને વ્યવસાયિક ટચ સાથે ટ્રેનિગ મળી હતી. અહી વિદ્યાર્થીઓને મેન્યુઅલ અને ઓટોમેટેડ ટેસ્ટીંગમાં ખૂબ જ પાયાથી શરુ કરીને લેટેસ્ટ માહિતી સુધીનું જ્ઞાન આપવામાં આવેલ હતું.

આ ટ્રેનીંગ પ્રોગ્રામનો એપ્રોચ પ્રેક્ટિકલ ઓરિએંટેડ હતો જેથી વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી રેડી બની શકે. આ ટ્રેનીંગ પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ એક મોક ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ હતું જેમાં એપ્ટટ્યુડ, ટેકનિકલ, અને એચ.આર(HR) એમ ત્રણ રાઉન્ડ થયા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીમાં રહેલાં ઈન્ટરવ્યુના ભયને દૂર કરવાનો હતો. આં પ્રોગ્રામ અંગે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજયભાઈ એમ શાહ જણાવે છે આં ટ્રેનિગ પ્રોગ્રામમાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ માટે જોબ ઓફર પણ આવી રહી છે. આ સમગ્ર ટ્રેનીંગ પ્રોગ્રામને સફળ બનાવવા કોલેજના ડાયરેક્ટરના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક મિત્રો ડો. રિચા મેહતા, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. કેતન ભારે જહેમત ઉઠાવી હતી.









વિશ્વ માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા એક સરસ મજાના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષાની સજ્જતા તેમજ એનાં સંરક્ષણ અને સંવર્ધન માટે વિવિધ શ્રેણીઓમાં મહત્વપૂર્ણ યોગદાન કરનાર વ્યક્તિ વિશેષ અને સંસ્થા માટેના વર્ષ ૨૦૧૯ ના પુરસ્કારોથી સન્માનિત કરવાનો કાર્યક્રમ દિનાંક ૨૩ ફેબ્રુઆરી રવિવાર સાંજે સાડા સાત વાગ્યે ચિલ્ડ્રન યુનિવર્સિટી પ્રાંગણ સેકટર - ૨૦ ખાતે રાખવામાં આવ્યા છે. આ સન્માન સમારંભમાં લેખક શ્રેણીમાં ધ્રુવ ભટ્ટ, કવિ શ્રેણીમાં જિગર જોશી, વિદ્યાર્થી શ્રેણીમાં રાધા મહેતા અને વિદ્યાલય શ્રેણીમાં શ્રીમતી પી. ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય અંકલેશ્વરને સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમારોહમાં અતિથિવિશેષ તરીકે જાણીતા કવિ શ્રી તુષાર શુક્લ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ભીખુદાન ગઢવી કે જેઓ ગાંધીનગરના કલાકાર છે એમનો લોકડાયરો પ્રસ્તુત કરશે. તો ગુજરાતી સાહિત્યના આ વિશેષ કાર્યક્રમમાં સૌ ભાષા ચાહકોને ઉપસ્થિત રહેવા માટે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સમર્પણ પબ્લિક સ્કૂલનો ખેલ મહાકુંભમાં દબદબો




ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં સેક્ટર- ૨૮, ગાંધીનગર સ્થિત 'સમર્પણ પબ્લિક સ્કુલ' સમગ્ર ગાંધીનગર ઝોન માં ત્રીજા સ્થાન પર આવેલ છે. આ વર્ષે જ આ શાળાએ ખેલમહાકુંભ માં પ્રથમ વાર ભાગ લઈ આ સિદ્ધી હાંસિલ કરી છે જેના માટે "SAG" તરફથી રૂપિયા ૧૦,૦૦૦નું રોકડ પુરસ્કાર એનાયત કરાયું છે.

આ ઉપરાંત કિક બોક્સિંગ અને સ્કાય માર્શલ આર્ટસ માં રાજ્ય લેવલે સુરત અને બરોડામાં રમાયેલ આ રમતોમાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓ રાઠોડ ગિરવા સુવર્ણ અને રજત પદક, ઠાકોર સોનલ રજત અને કાસ્ય પદક, ચૌહાણ શ્લોક કાસ્ય પદક જીત્યા હતાં.

આ ઉપરાંત શાળા ની ધો-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રાઠોડ ગિરવા (વય જૂથ ૦-૧૪) સ્કાય માર્શલ આર્ટસ માં નેશનલ લેવલે પહોંચી કાસ્ય પદક પ્રાપ્ત કર્યું જેના માન સ્વરૂપ સરકાર તરફથી રૂપિયા ૪૮૦૦ નો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો. ખેલમહાકુંભ ૨૦૧૯ માં પ્રથમ જ વખત ભાગ લઈ અને અમુલ્ય સિદ્ધી હાંસલ કરી સમર્પણ પબ્લિક સ્કુલે ખેલ ક્ષેત્રમાં એક આગવી ઓળખ ઉભી કરી છે.

# જીઆઈપીએસ ખાતે 'વેજીટેબલ-ડે' ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૯

આજે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં 'વેજીટેબલ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ શાકભાજીઓની વેશભૂષામાં પ્રદર્શન કરી તે શાકભાજી ની ઉપયોગીતા વિશે ની ફાયદાકારક જાણકારી આપી હતી તેમજ અન્ય બાળકો પણ શાકભાજી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫,ગાંધીનગર દ્વારા 'વાર્ષિકોત્સવ અને વિશિષ્ટ સિદ્ધિ સન્માન-૨૦૨૦' યોજાયો

ગાંધીનગર, તા.૧૯

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫,ગાંધીનગર દ્વારા "વાર્ષિકોત્સવ અને વિશિષ્ટ સિદ્ધિ સન્માન-૨૦૨૦"નો કાર્યક્રમ ૧૩મીને ગુરુવારના રોજ 'ખીમજી વિસરામ હૉલ, ઉમા નાથીબા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે માન.શ્રી ડૉ.હર્ષદ પટેલ કુલપતિશ્રી, ટીચર યુનિવર્સિટી, ગાંધીનગર અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયરશ્રી નાઝાભાઈ ઘાંઘર ઉપસ્થિત રહ્યાં હતા.

પાટનગરની સૌથી મોટી સરકારી વિનયન તેના ૫૦ માં વર્ષમાં પ્રવેશી રહી છે ત્યારે કૉલેજના ત્રણ NCC કેડેટ્સની ૨૬ મી જાન્યુઆરીની





આર.ડી.સી. પરેડમાં પસંદગી પામ્યા હતા. જેમાંજીતેન્દ્રસિંહ શેખાવતે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબને ગાર્ડ ઑફ ઓનર આપ્યું હતું. તો હર્ષદીપસિંહ ગોહિલે ગુજરાતના પ્લાટુન કમાન્ડરનું નેતૃત્વ કરીને સમગ્ર ભારતમાં ગુજરાત કંટીજન્ટને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરાવેલ છે. જે સિદ્ધિ મેળવીને કૉલેજ ન નહીં સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારેલ છે. કૉલેજની આ વિશિષ્ટ પ્રતિભાઓને મહેમાનશ્રીઓ દ્વારા સન્માનિત કરવામં આવી હતી. સાથે સાથે રમત-ગમતના અને સાંસ્કૃતિક ક્ષેત્રે યુનિવર્સિટી કક્ષાએ વિશિષ્ટ પ્રદાન કરનાર વિધાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પોતાના કોલેજ કાળના સંસ્મરણોને વાગોળીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વિધાર્થીઓ દ્વારા વાર્ષિકોત્સવમાં તૈયાર કરેલ સંસ્કૃતિક કાર્યક્રમમાં ઘૂમર, હરિયાણવી અને આદિવાસી લોકનૃત્ય સાથે ફેમસ હેલ્લારો ગરબો, મીમીક્રી, ફ્યુઝ્ન ડાન્સ ગીત, દુહા-છંદ, તલવારબાજી, ફેશન શો વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યકર્મનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના કન્વિનરશ્રી ડૉ.મમતા બૂચ, વિદ્યાર્થી પ્રતિનિધિ વિરલ લુહાર તથા સાંસ્કૃતિક મંત્રી અસ્મિતા મેર દ્વારા કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ આચાય ડૉ.આર.બી.કોઠારીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.